| | | | | | |
|---|---|---|---|---|---|
| * | | પ્રાપ્તિ તારીખ | ૧૧/૧૧/૨૦૧૯ | | |
| | | દાખલ તારીખ | ૧૧/૧૧/૨૦૧૯ | | |
| | | ફેંસલ તારીખ | ૦૨/૦૫/૨૦૨૬ | | |
| | | સમયગાળો | દિવસ | માસ | વર્ષ |
| | | | ૨૧ | ૦૫ | ૦૬ |

**ફોજદારી કેસ નં.૮૫૪૮/૨૦૧૯**

| આંક | |
|---|---|

## ફોર્મ–એ

ત્રીજા એડીશનલ સીવીલ જજ અને જે.એમ.એફ.સી.(એફ.એન.સોલંકી)સાહેબશ્રીની કોર્ટમાં

ગાંધીનગર.

ફોજદારી કેસ નં. ૮૫૪૮/૨૦૧૯

હુકમ તારીખ–૦૨/૦૫/૨૦૨૬

(એફ.આઈ.આર /ગુના રજી.નંબર–૨૫૦/૨૦૧૯/અડાલજ પોલીસ સ્ટેશન)

| | |
|---|---|
| ફરીયાદી | શ્રી સરકાર |
| ફરીયાદ પક્ષે વિધ્વાન વકીલશ્રી | એ.પી.પી.શ્રી ચિરાગભાઇ પી. દવે |
| આરોપી | ૧) જગદીશભાઈ નવઘણભાઈ ઓડ<br>રહે. ઓસવાસ, પોરગામ તા.જી.ગાંધીનગર |
| આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રી | બી.વી.પંડયા |

## ફોર્મ–બી

| | |
|---|---|
| ગુનાની તારીખ | તા.૨૩/૦૯/૨૦૧૯ |
| એફ.આઈ.આર ની તારીખ | તા.૨૩/૦૯/૨૦૧૯ |
| ચાર્જશીટની તારીખ | તા.૦૯/૧૧/૨૦૧૯ |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ | તા.૨૫/૧૧/૨૦૨૧ |
| પુરાવો શરૂ થયા તારીખ | તા.૨૪/૦૨/૨૦૨૬ |
| હુકમ પર લીધા તારીખ | તા.૨૨/૦૪/૨૦૨૬ |
| હુકમની તારીખ | તા.૦૨/૦૫/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ | ... |

<u>આરોપીની વિગતો</u>

| આરોપી નો ક્રમ | આરોપી નું નામ | ધરપકડ તારીખ | જામીન મુકત થયા તારીખ | આક્ષેપિત ગુનાની વિગત | નિર્દોષ કે તકસીર વાર | સજાની વિગત | ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨૮ના કામે જેલમાં રહયા અંગેની વિગત |
|---|---|---|---|---|---|---|---|
| ૧) | જગદીશભાઈ નવઘણભાઈ ઓડ | તા.૨૫/ ૦૯/ ૨૦૧૯ | તા.૨૫/ ૦૯/ ૨૦૧૯ | પ્રોહી એકટ કલમ– ૬૫ (એ,ઈ), ૯૮(૨) | નિર્દોષ | ––– | –– |

| ફોર્મ–સી | | | |
|---|---|---|---|
| **ફરીયાદપક્ષના સાહેદો** | | | |
| ક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
| ૧ | ૧૪ | ફરીયાદી મહેશકુમાર અમરસિંહની જુબાની | મૌખિક |
| ૨ | ૧૭ | ત.ક.અ કનુભાઈ બબાભાઈ શાહની જુબાની | મૌખિક |

| ફરીયાદ પક્ષના આંકે પાડેલા પુરાવાની વિગત | | |
|---|---|---|
| **એ.ફરીયાદ પક્ષ** | | |
| ક્રમ | આંક | પુરાવાનું વર્ણન |
| ૧ | ૧૫ | ફરીયાદ |
| ૨ | ૧૮ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૩ | ૧૯ | રવાનગી પત્ર |

**<u>બ.બચાવપક્ષે સાહેદ લિસ્ટ</u>**

| આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| –– | –– | –– |

**<u>ક.કોર્ટપક્ષે સાહેદ લિસ્ટ</u>**

| આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| –– | –– | –– |

**ફરીયાદપક્ષે / બચાવપક્ષે / કોર્ટપક્ષે આંક**

**અ.ફરીયાદ**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૫ | ફરીયાદ |
| ૨ | ૧૮ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૩ | ૧૯ | રવાનગી પત્ર |

**બ.બચાવપક્ષે આંક**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| —— | —— | —— |

**ક.કોર્ટપક્ષે આંક**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| —— | —— | —— |

**ક.કબજે કરેલ મુદામાલ**

| અ.નં. | આર્ટીકલ નં | વિગત |
|---|---|---|
| —— | —— | —— |

**// ચુ કા દો //**

**૧.** આ કામે ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,આરોપીએ તા.૨૩/૦૯/૨૦૧૯ ના ૨૧/૦૦ વાગે મોજે તપોવન સર્કલ ખાતે ગેરકાયદેસર અને વગર પાસ પરમીટે પોતાની કબજાની ગાડીમાં ભારતીય બનાવટનો વિદેશીદારૂની બોટલ નંગ–૧ માં આશરે ૧૮૦ મી.લી જેટલો ભરેલ જેની કિ.રૂા.૧૦૦/– ગણી તેમજ ગાડીની કિ.રૂા.૭૫,૦૦૦/–ની ગણી કુલ મુદામાલ કિ.રૂા.૭૫,૧૦૦/– મળી આવેલ હોય પકડાઈ જઈ ગુન્હો કર્યા વિગેરે બાબતે

ફરીયાદીએ ફરીયાદ હકીકત આપતા અડાલજ પોલીસ સ્ટેશનમા પ્રોહી પાર્ટ સી ગુના રજીસ્ટર નંબર ૨૫૦/૨૦૧૯ થી ગુનો નોંધાયેલ અને તપાસ કરનાર અધીકારીએ તપાસ પુર્ણ થયા બાદ આરોપી વિરૂઘ્ધ ગુજરાત નશાબંધી ધારાની કલમ–૬૫(એ,ઈ),૯૮(૨) મુજબના ગુન્હાનુ ચાર્જશીટ અત્રેની કોર્ટ મા રજુ કરેલ.

૨. **<u>ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૦ અન્વયે તહોમતનામા અંગે :–</u>**

આ કામે ચાર્જશીટ આવ્યા બાદ નામ. કોર્ટ તરફથી આરોપીને સમન્સ કાઢવામાં આવતા આરોપી નામદાર કોર્ટમાં હાજર થયેલ છે. આ કામે આરોપીએ પોલીસ તપાસના કાગળોની તમામ નકલો ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ : ૨૦૭ અન્વયે વિના મુલ્યે પૂરી પાડવામાં આવેલ. તેઓની વિરૂઘ્ધના ગુન્હા સબબ વિચારણા કરવા માટે પૂરતો સમય આપવામાં આવેલ છે. ત્યારબાદ આંક–૦૪ થી આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં આરોપીએ તેમની સામેના ગુન્હાનો ઈન્કાર કરેલ હોય કેસ કાર્યવાહી આગળ ચલાવવામા આવેલ.

૨.૧ **<u>પક્ષકારો તરફે રજુ પુરાવાઃ –</u>**

ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા ક્રીમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૨૪૨ અન્વયે ઉપરોકત મુજબના દસ્તાવેજી તથા મૌખીક પુરાવા રજુ કરેલા છે.

૨.૨ **<u>ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન</u>**

ફરીયાદપક્ષના પુરાવા બાદ વિઘ્વાન એ.પી.પી.શ્રી દ્રારા તેઓ નો પુરાવો પુર્ણ કર્યા ની મોખીક રજુઆત કરતા આ કામ આરોપી પક્ષેતેઓનું વિશેષ નિવેદન ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૩૧૩ મુજબ નોંધવા હેતુ રાખવામા આવેલ પરંતુ આરોપી ગેરહાજર હોય તેઓનો આ વિશેષ નિવેદન આપવાનો હકક બંધ કરવામાં આવેલ છે.આમ આ રીતે બચાવ પક્ષે તેઓના બચાવમાં કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ નથી.

૩. **ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ–૩૧૪ મુજબ પક્ષકારો તરફે દલીલ**

પ્રોસીકયુશન તરફે એ.પી.પી.શ્રીએ દલીલ કરતાં જણાવેલ છે કે, આ કામના આરોપીએ પોતાના આર્થિક ફાયદા સારૂં ગેરકાયદેસર વગર પાસ પરમીટનો દેશી દારૂ પોતાની પાસે રાખેલ હોઇ, ગુજરાતમા દારુબંધી હોય, તેમ છતાં આ બદીઓ ફુલી રહેલ હોય, સમાજમાં ઉદાહરણ રૂપ દાખલો બેસે તેવી મહતમ સજા કરવા દલીલો કરેલ છે.આ કામે આરોપી તરફે કોઈ હાજર ના હોય,તેઓનો આ કામે દલીલ કરવાનો હકક બંધ કરવામા આવેલ છે.

૪. **ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૪(૧)(બી) મુજબ નિર્ણય અંગેના મુદદા**ઃ–

આ કામે ફરીયાદ પક્ષ તરફે ઉપરોકત રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ તથા સરકાર પક્ષે વિધ્વાન એ.પી.પી. શ્રીની રજૂઆત સમક્ષમાં લેતા, આ કેસના આખરી નિર્ણય માટે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૫૪(૧)(બી) મુજબ નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

**:: મુદૃા ::**

૧. શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે,આ કામે હકીકત એવી છે કે,આરોપીએ તા.૨૩/૦૯/૨૦૧૯ ના ૨૧/૦૦ વાગે મોજે તપોવન સર્કલ ખાતે ગેરકાયદેસર અને વગર પાસ પરમીટે પોતાની કબજાની ગાડીમાં ભારતીય બનાવટનો વિદેશીદારૂની બોટલ નંગ–૧ માં આશરે ૧૮૦ મી.લી જેટલો ભરેલ જેની કિ.રૂા.૧ ૦૦/– ગણી તેમજ ગાડીની કિ.રૂા.૭૫,૦૦૦/–ની ગણી કુલ મુદામાલ કિ.રૂા.૭૫,૧૦૦/– મળી આવેલ હોય પકડાઈ જઈ,ગુજરાત નશાબંધી ધારાની કલમ –૬૫(એ,ઈ),૯૮(૨) મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શુ હુકમ ?

૪.૧ ઉપરોકત મુદાઓ અંગેના ન્યાયિક નિર્ણયો માટેના કારણો નીચે મુજબના છે.

મુદ્દા નંબર–૧ઃ– નકારાત્મક.

મુદ્દા નંબર– ૨ઃ– આખરી હુકમ મુજબ.

૫. ઉપરોકત નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ છે.

**:: નિર્ણયો અંગેના કારણો ::**

**મુદ્દા નંબર– ૧ :–**

૬. હાલના કામે ફરીયાદપક્ષે ફરીયાદની હકીકતો પુરવાર કરવા સારું આંક–૧૪ થી ફરીયાદી તરીકે મહેશકુમાર અમરસિંહનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, જેમાં તેઓ જણાવે છે કે,ગત તા.૨૩.૩.૧૯ ના રોજ તેઓ તથા પી.આઈ.શ્રીએ પો.સ્ટે.ફસ્ટ.ગુ.રજી.નં.૯૬/૧૯ના ગુન્હાના કામે કોબા સર્કલથી તપાોવન સર્કલ તરફ જતા રોડ પર તપોવન સર્કલ નજીક ગુન્હાવાળી જગ્યાનું પં ચનામું કરતા હોય તે દરમ્યાન જીજે.૧.કેકયુ.૧૩૭૯ ગાડી ચેક કરતા ગાડીના ડ્રાઈવર સીટરના પાછળના ભાગેથી એક કાચની બાટલી મળી આવેલ જે બોટલનું ઢાં કણુ ખોલી પંચો રૂબરૂ સુંઘાડી જોતા તેમાંથી ભારતીય બનાવટના વિદેશીદારૂની પુષ્કળ વાસ આવતી હતી જે બોટલ પર મેકડોવલ્સ નં.૧ વ્હિસ્કીની ૭૫૦ બોટલ જે ૧૮૦ એમ.એલ જેટલો ભરેલો હતો જેની કિ.રૂા.૧૦૦/– ગણી ગાડી તપાસ અર્થે કબજે લીધેલ.તેઓને ફરીયાદની ઝેરોક્ષ નકલ બતાવવામાં આવે છે જેમાં તેઓની ફરીયાદી તરીકે સહી છે જે તેઓ ઓળખી બતાવે છે જેને રજુ દા.આંક–૧૫ આપવામાં આવે છે.ત્યારબાદ, આરોપીના વિ.વ.શ્રી દવારા સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે,તેઓની ફરીયાદમાં

પેટ્રોલિંગમાં લીધેલ વાહનના કોઈ વર્ણન કે વિગત જણાવેલ નથી તથા કોબા થી તપોવન તરફ જવાનો રસતો તે જાહેરમાર્ગ છે તે જાહેર માર્ગ હોય વાહનો અને માણસોની અવરજવર રહેતી હોય છે.તેઓની ફરીયાદમાં પંચોને બોલાવવા કોણ ગયેલ છે તેનો ઉલ્લેખ નથી. પકડાયેલ ગાડીના કે પકડાયેલ આરોપીના માલિકીના કે ઓળખના આધારો તેઓએ કબજે કરેલા નથી. આ કામે પકડાયેલ વિદેશીદારૂના બાર બેચ, અને કંપની સીલ જાણવા માટે કંપનીઓ સાથે કોઈ પત્ર વ્યવહાર કરેલો નથી. તેઓની ફરીયાદમાં તેઓ પેટ્રોલિંગ સાથે ટાઈપીગ ઈન્સ્ટ્રુમેન્ટ તથા સીલ સિકકા લઈ ગયા હોય તેવી કોઈ હકીકતનો ઉલ્લેખ નથી.વધુમાં તેઓએ અસ્વીકારેલ છે કે,તેઓની ફરીયાદમાં પંચોના નામ સરનામા જણાવેલ નથી તથા તેઓની ફરીયાદ ખોટી ન ઠરે તે માટે સમર્થનમાં ખોટી જુબાની આપેલ છે.

૯. હાલના કામે ફરીયાદપક્ષે ફરીયાદની હકીકતો પુરવાર કરવા સારું આંક–૧૭ થી ત.ક.અ કનુભાઈ બબાભાઈ શાહનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, જેમાં તેઓ જણાવે છે કે,વર્ષ ૨૦૧૯માં તેઓ અડાલજ પો.સ્ટે ફરજ બજાવતા હતા તે દરમ્યાન સદર કેસની તપાસ સોંપવામાં આવેલી જે કેસની હકીકત મુજબ આરોપીએ. તા.૨૩.૦૯.૧૯ ના ૨૧.૦૦ વાગ્યે મોજે તપોવન સર્કલ ખાતે ગેરકાયદેસર અને વગર પાસ પરમીટે પોતાના કબજાની ગાડીમાં ભારતીય બનાવટના વિદેશીદારૂની બોટલ નંગ ૧ જેમાં આશરે ૧૮૦ એમ.એલ જેટલો દારૂ ભરેલો જેની કિ.રૂા.૧૦૦ ગણી તથા ગાડીની કિ.રૂા.૭૫૦૦૦/– મળી કુલ કિ.રૂા.૭૫૧૦૦/– ના મુદામાલ સાથે પકડાઈ જઈ ગુન્હો કરેલ છે.પંચનામાની ઝેરોક્ષ નકલ તેઓને બતાવવામાં આવે છે જે રજુ દા.આંક–૧૮ આપવામાં આવે છે તથા તપાસના કામે તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલા તથા કબજે લીધેલ મુદામાલને રવાનગી પત્રક દવારા એફ.એસ.એલ ખાતે મોકલી

આપેલ છે. ત્યારબાદ, આરોપીના વિ.વ.શ્રી દવારા સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે,તેઓ જે કાર જપ્ત કર્યાનું કહેલ છે તે એક અગાઉ દિવસથી અકસ્માત થયા બાદ ત્યાં જ પડેલી હતી તથા બનાવ સ્થળ જાહેર રસ્તો છે અને અસંખ્ય વાહનો તથા માણસોની સતત અવરજવર રહે છે.આરોપીની અટક અકસ્માત સ્થળેથી કરવામાં આવેલી સાહેદ સ્પષ્ટતા કરતા જણાવે છે કે તેઓને ઈજા થયેલ હોઈ દવાખાને એડમીટ હતા તથા તેઓને અકસ્માતવાળો બનાવ કયારે બનેલો તે અંગે માહિતી નથી.બનાવ સ્થળની આજુબાજુના સ્થાનિક રહેવાસીના નિવેદન તપાસ કામે લીધેલ નથી.આ કામે અકસ્માત બાદ પુછાયેલ સવાલ હાલની ફરીયાદ કેટલા સમય બાદ કરવામાં આવેલી? ના જવાબમાં તેઓ જણાવે છે કે, પંચનામું કરતા સમયે ગાડીમાંથી જે મુદામાલ મળી આવેલ તેના આધારે તુરંતજ હાલની આ ફરીયાદ કરવામાં આવેલી.તમે અકસમાતવાળા બનાવ અંગેનું પંચનામું બે પંચોની હાજરીમાં કરેલ હોય તેવું બનેલ નથી તેવા સવાલના જવાબમાં તેઓ જણાવે છે કે, પંચનામું તેઓએ કરેલ નથી તેઓના પી.એસ.આઈ સાહેબે કરેલ છે.વધુમા તેઓએ અસ્વીકારેલ છે કે, આરોપી વિરૂઘ્ધ પુરતો પુરાવો ના હોવા છતાં ખોટું ચાર્જશીટ કરેલ છે.

૧૦. આમ, ઉપરોકત તમામ રજુ થયેલ સાહેદોના પુરાવાઓનુ સંયુકત મુલ્યાંકન કરવામાં આવે તો, સદર કામે તપાસ કરનાર અધીકારી તે પોલીસ સાહેદ હોવાથી તેઓએ પોતાની ફરજના ભાગરૂપે કાર્યવાહી કરી, ફરીયાદ આપી તેમજ, લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી, આરોપી વિરુઘ્ધ પુરતો પુરાવો પડતા અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી, કોર્ટ રૂબરૂ પોતાની સોગંદ ઉપર જુબાની રજુ કરેલ છે. ત્યારે તમામ સાહેદોના પુરાવાઓનુ સંયુકત મુલ્યાંકન કરવામાં આવે તો, સદર

કહેવાતી બનાવવાળી જગ્યા તપોવન સર્કલ હોય,વાહનો,માણસોની સતત અવરજવર વાળો વિસ્તાર હોય સ્વતંત્ર તથા તટસ્થ સાહેદો સહેલાઇથી તેમજ સરળતાથી મળી રહે તેમ હોવા છતાં તેઓએ સદર ગુનાના કામે કોઇ સ્વતંત્ર તથા તટસ્થ સાહેદોના કોઇ નિવેદનો નોંધેલ નથી કે તેવા કોઇ સ્વતંત્ર તથા તટસ્થ સાહેદોને કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસેલા નથી. ત્યારે સદર કેસમાં જયારે સ્વતંત્ર કહી શકાય તેવા પંચો હોસ્ટાઈલ જાહેર થયેલ હોય,આ કામે આક્ષેપીત આરોપીની ગાડીમાંથી કહેવાતા આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી કહેવાતો મુદામાલ કહેવાતા પંચ–સાહેદોની હાજરીમાજ મળી આવેલ અને પંચનામા ની વિગતે કબજે લેવામા આવેલ તેવું સાબિત થતુ નથી. તેવા સંજોગો મા સ્વતંત્ર તથા તટસ્થ સાહેદોના પુરાવાના અભાવ હોય, તેનો લાભ આરોપીને આપવા પાત્ર જણાઇ આવે છે.

વધુમાં સદર કહેવાની ગુનાવાળી જગ્યાએથી કબજે લેવામાં આવેલ દારૂનો મુદામાલને એફ.એસ.એલ. ખાતે મોકલી તેનું પરીક્ષણ કરવામાં આવેલ નથી કે જે આધારે એ સાબિત થઇ શકે કે, ફરીયાદપક્ષે જે મુદામાલ દારૂ હોવાનું માનીને કબજે લેવામાં આવેલ છે તે ખરેખર દારૂ જ હતો તે બાબતે ફરીયાદપક્ષે કોઇ રીપોર્ટ કે આધાર પુરાવાઓ રજુ રાખેલ નથી કે તેવા કોઇ એક્ષપર્ટનો અભિપ્રાય પણ સદર ગુનાના કામે રજુ કરેલ નથી તેવા કોઇ એક્ષપર્ટને સદર ગુનાના કામે કોર્ટ રૂબરૂ તપાસેલા નથી કે જેથી એમ સાબિત થઇ શકે કે, ફરીયાદપક્ષે આરોપીઓ પાસેથી કબજે લીધેલ મુદામાલ તે દારૂ જ હતો. વધુમાં આ કામે ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ પોલીસ સાહેદો દવારા બનાવ સમયે પકડાયેલ મુદામાલને ચકાસણી માટે વિજ્ઞાન પ્રયોગશાળામાં મોકલેલ હોય તેવી અને તેવો રીપોર્ટ પરત મેળવેલ હોય તેવી કોઇ જ હકીકત જણાવેલ ના હોય ખરેખર આ મુદામાલની

ચકાસણી થયેલ કે કેમ ? આ સાહેદોના પુરાવાથી ફલીત થતુ નથી. જેથી આદેશાત્મક જોગવાઇઓનું પાલન થયેલ ના હોય તેનો લાભ આરોપીને મળવાપાત્ર જણાય છે.

૧૧. વધુમા જોવામા આવે તો, કાયદાનો એ સ્થાપિત સિધ્ધાંત છે કે શંકા ગમે તેટલી મજબુત હોય તો પણ તે કાનુની પુરાવાનું સ્થાન લઇ શકે નહીં. વધુમાં ભારતમાં પ્રવર્તમાન ફોજદારી ન્યાય શાસ્ત્રનાં સિધ્ધાંતો પ્રમાણે પ્રોસીકયુશને પોતાનો કેસ આરોપી વિરૂધ્ધ નિઃશંકાપણે પુરવાર કરવાનો હોય છે તથા પ્રોસીકયુશન કેસમાં રહેલ વ્યાજબી શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે. વધુમાં રેકર્ડ પરના પુરાવાઓ ઉપરથી એક બાજુ એમ જણાઇ આવતુ હોય કે આરોપી એ કહેવાતો ગુનો કરેલ છે તથા બીજી બાજુ એમ જણાઇ આવતુ હોય કે આરોપીએ કહેવાતો ગુનો કરેલ નથી અથવા તો કહેવાતો ગુનો આરોપીએ ન પણ કરેલ હોય ત્યારે તેવા સંજોગોમાં ફરીયાદીએ પોતાનો કેસ આરોપી વિરૂધ્ધ નિઃશંકપણે પુરવાર કરી શકેલ છે તેમ ગણી શકાય નહી. જેથી ફરીયાદપક્ષમાં રહેલ તે શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવા નો હોય છે.

હાથ પરના કેસમા પણ જોવામા આવે તો તપાસ કરનાર અમલદારે સ્વીકારેલ છેકે, આ કામે આ અકસ્માત કરનાર ગાડી એક દીવસ અગાઉ થી જ તયા પડેલી હતી. તયારે એ રીતે ગાડી બીનવારસી રીતે એક દીવસ પડી રહેલ હોય તે સંજોગોમા માત્ર ગાડીમા થી મળી આવે આ મુદામાલ આપોઆપ આરોપીનો માની શકાય નહી. વધુમા આ અધીકારી એ સ્વીકારેલ હોય કે, ગાડીમાથી મળેલ મુદામાલ નુ પંચનામુ તેઓ એ કરેલ ના હોય, આ મુદામાલ જપ્તી ના પંચ હોસ્ટાઈલ હોય, તે રીતે આ મુદામાલ આક્ષેપીત ગાડીમાથી જ મળી આવેલ છે તેમ માની શકાય નહી.વધુમા આ કામે ગાડીમાલીકીના પણ કોઈ આધારો કબજે કરેલ ના હોય, તયારે આ શંકા

નો લાભ આરોપીને મળવાપાત્ર થાય છે. આરોપી બનાવ સ્થળેથી મુદ્દામાલ ના પ્ર તયક્ષ કબજા સાથે મળી આવેલ ના હોય તયારે આવા પુરાવાના અભાવે આરોપીને તકસીરવાર ઠરાવી શકાય નહી. આમ, ઉપરોકત કરેલ ચર્ચા કારણોસર આ કામના આરોપીને તકસીરવાન ઠરાવવું ન્યાયોચિત જણાતુ નથી.

આ હેતુસર નામદાર નામદાર ગુજરાત હાઈકોર્ટએ આપેલ ચુકાદો તે State Of Gujarat Versus Kantibhai Gandalal Prajapati (2024 (0) AIJEL-HC 248499) ને માનસહ વંચાણે લેવામા આવે તો તે કેસમા પારા ૮ થી ૧૦ તથા ૧૨ તથા ૧૩ મા ઠરાવેલ છે કે,prosecution failed to prove case against accused beyond all reasonable doubt . vehicle was also found in abandoned condition after 7 days of commission of offence and that too, not in conscious possession of accused, no any iota of evidence, which connects accused with offence. thus, no direct evidence, which points guilt of accused or no any circumstances, which suggests involvement of accused persons. hence, prosecution has failed to prove that accused have used deadly weapons and have committed offence of robbery or made an assault. Trial Court has not committed any error in acquitting accused. order of acquittal confirmed appeal dismissed.

આમ, અહી આક્ષેપીત આરોપી વીરુધ્ધ સબળ પુરાવોના હોય ફરીયાદ પક્ષ શંકાથી પર રહીને પોતાનો કેસ સાબીત કરી શકેલ નથી.

૧૨. વધુમા જોવામા આવે તો, ફરીયાદપક્ષ દવારા પંચોની હાજરીમાં મુદામાલ દારૂ પકડેલ હોવાનુ જણાવેલ છે. આ કામે પંચોએ પોતાના રૂબરૂ કોઇ જ કાર્યવાહી થયાની ઇન્કારી કરેલ હોય, કહેવાતા પંચનામાની વિગત મુજબ જ આ મુદામાલ કબજે થયેલ છે તેમ માની શકાય નહી. વધુમા પંચોએ આ પંચનામામા સહીઓ કરેલ હોય, આ મુદામાલ તેમની હાજરીમા બનાવ સ્થળેથી જ પકડાયેલ હોય તેવુ પુરવાર થતુ નથી અને શંકા કયારેય પુરાવાનુ સ્થાન લઈ શકે નહી. આ કામે દરેક સાહેદે પોત–પોતાની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે વધુમા આ બનાવવાળી ગાડી આરોપીની હોય તેવો કોઇ આધાર પુરાવો તેઓએ કબજે લીધેલ નથી ત્યારે આ ગાડીના ચાલક આ આરોપી જ હતા અને મુદામાલ જે ગાડીમાંથી મળી આવેલ છે તે ગાડી આરોપીની જ માલીકીની હોવાનો કોઇ આધાર નથી ત્યારે આવા મહત્વના પુરાવાના અભાવે ફરીયાદપક્ષ તેઓની ફરીયાદીની હકીકત વ્યાજબી શંકા થી પર પુરવાર કરી શકેલ ન હોવાનુ ફલિત થાય છે.

આ હેતુસર નામદાર ગુજરાત હાઈકોર્ટનો દીલીપ સાંસી વીરુઘ્ઘ સ્ટેટ ઓફ ગુજરાત રાજય નો ચુકાદો માનસહ વંચાણે લઈએ તો, તેમા નામદાર કોર્ટે ઠરાવેલ છે કે, " (1) Panch witnesses have not supported the prosecution and thereby recovery from the given place is not proved. (2) There is no independent witness except complainant, who is Police Officer stating that liquor was seized from the given place during raid. (3) Presumption u/s. 116B is not proper in as much as there is no proof and evidence on record either regarding actual possession of seized liquor from the applicant or quality and quantity of liquor alleged to be seized

and even there is no confirmation about the ownership of the place by the applicant, so as to connect the applicant with the place and seizure itself." આમ, નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા મુજબ સ્વતંત્ર તથા પંચ સાહેદોના પુરાવાના અભાવે પોલીસ કાર્યવાહીની સત્યતા માની શકાય નહી. અહી હાથ પરના કેસમા પણ જયારે આ રીતે પંચો હોસ્ટાઈલ હોય તયારે રીકવરી તેમની રુબરુ જ કરવામા આવેલી તેવુ માની શકાય નહી. આ અદાલત તે રીતે પોલીસ કામગીરી ને તથા પુરાવાને નકારતી નથી પરંતુ તે સાહેદોના પુરાવાની સાથે પંચ દ્વારા કોઈ સમર્થનકારી પુરાવો રેકર્ડ પર ઉપલબ્ધ નથી જેથી માત્ર આ સાહેદોની જુબાનીના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

૧૩. વધુમાં પકડાયેલ મુદામાલનું પરીક્ષણ કરાવી કોઇ રીપોર્ટ મેળવેલ નથી. વધુમા આ કામે તપાસ કરનાર અધીકારી એ પોતાની મૌખીક જુબાનીમા તક હોવા છતા આવો કોઈ મુદામાલ તપાસ હેતુ મોકલેલ છેકે કેમ તે જણાવેલ નથી. અને મોકલેલ છે તો કયા માઘ્યમ થી અને કયારે મોકલેલ છે અને એનો રીપોર્ટ હાલ સુધી આવેલ છેકે કેમ ? કે આવો કોઈ રીપોર્ટ મેળવવા યાદી કે રીમાઈન્ડર કરાયેલ છે કે કેમ ?, તેવી કોઈ વિગત જણાવતા નથી. આમ મુદદામાલ અંગે તેઓ સુચક રીતે મોન રહેલ છે.જે તમામ હકીકતો ઘ્યાને લેતા પકડાયેલ મુદામાલ દારૂ હોવા બાબતે શંકા ઉદભવે છે. વધુમા પકડાયેલ મુદદામાલ જે તે વિસ્તાર માથી પકડયાનો આક્ષેપ હોવા છતાં આ કામે ત્યાના કોઈ સ્થાનીકો ના આ બાબતે નિવેદન મેળવાયેલ નથી. આમ એ રીતે અપુરતી તપાસના લીધે પણ આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. અને આવી અધુરી તપાસ કોર્ટ કાર્યવાહીના પણ દુરપયોગ સમાન છે.

આમ, ફરીયાદપક્ષે આરોપી સામે મુકેલ આક્ષેપો વ્યાજબી શંકાથી પર પુરવાર કરી શકેલ નથી. આમ, ઉપરોકત કરેલ ચર્ચા તથા ફરીયાદપક્ષ દવારા રજુ કરવામાં આવેલ સમગ્ર પુરાવાને ઘ્યાને લેતા, ફરીયાદપક્ષે તેઓના કેસની હકીકતને સમર્થનકારક પુરાવો આપેલ ન હોય, કે જે એમ સાબિત કરી શકે કે,આરોપીએ તા.૨૩/૦૯/૨૦૧૯ ના ૨૧/૦૦ વાગે મોજે તપોવન સર્કલ ખાતે ગેરકાયદેસર અને વગર પાસ પરમીટે પોતાની કબજાની ગાડીમાં ભારતીય બનાવટનો વિદેશીદારૂની બોટલ નંગ–૧ માં આશરે ૧૮૦ મી.લી જેટલો ભરેલ જેની કિ.રૂા.૧૦૦/– ગણી તેમજ ગાડીની કિ.રૂા.૭૫,૦૦૦/–ની ગણી કુલ મુદામાલ કિ.રૂા.૭૫,૧૦૦/– મળી આવેલ હોય પકડાઈ જઈ,પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ,ઈ),૯૮(૨) મુજબનો ગુનો કરેલ હોય તેવી કોઇ હકીકત સાબિત થતી નથી.

આમ, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ ફરીયાદપક્ષ દવારા રજુ કરવામાં આવેલ પુરાવાને ઘ્યાને લેતા, ફરીયાદપક્ષે તેઓના કેસની હકીકતને સમર્થનકારક પુરાવો આપેલ ન હોય, તેથી ફરીયાદપક્ષ આરોપી સામેનો આક્ષેપિત ગુનો શંકાથી પર પુરવાર કરી શકેલ ન હોય, આથી મુદા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદા નં.ર પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

:: **<u>હુકમ</u>** ::

૧) આ કામના આરોપી જગદીશભાઈ નવઘણભાઈ ઓડ રહે.ઓસવાસ, પોરગામ તા.જી.ગાંધીનગર વાળા નાઓને ક્રિ. પ્રો. કોડની કલમ–૨૪૮(૧) મુજબ ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ,ઈ),૯૮(૨) મુજબના ગુન્હા સબબ પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીના અગાઉ ના જાતમુચરકા તથા જામીન અપીલ ના હેતુસર ચાલુ રાખવાનો હુકમ કરવામા આવે છે.

૪. બીનકીમતી મુદદામાલ તથા દારુના મુદામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો આથી હુકમ કરવામા આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| ગાંધીનગર<br>તા.૦૨/૦૫/૨૦૨૬ | (એફ.એન.સોલંકી)<br>ત્રીજા એડી. સીવીલ જજ અને જે.એમ.એફ.સી.<br>ગાંધીનગર |